DIGITAL EDITION
APRIL 2026

અંક : ૪૫ એપ્રિલ ૨૦૨૬

દશનામ

સરક્યુલર

"શાંતિની શરૂઆત એક સ્મિતથી થાય છે." - મધર ટેરેસા



વર્ષ : ૦૪

અંક : ૪૫
વિશેષાંક : ૦૯

એપ્રિલ ૨૦૨૬

તંત્રી
લલિતપુરી રામપુરી ગોસ્વામી
M.: +91 9898 55 0833

E-mail
dashnamcircular@gmail.com

Website
www.dashnamcircular.me

પ્રકાશન અને સંકલન
લલિતપુરી આર. ગોસ્વામી
જામજોધપુર / સુરત.

ડિઝાઈન
જી.પબ્લીકેશન
સુરત.

તંત્રીલેખ...

વૈશ્વિક શાંતિ : આજના સમયની પ્રબળ માંગ...

આજની જટિલ વૈશ્વિક પરિસ્થિતિમાં, જ્યાં તણાવ અને સંઘર્ષના વાદળો ઘેરાઈ રહ્યા છે, ત્યારે 'આંતરરાષ્ટ્રીય શાંતિ' એ માત્ર એક શબ્દ પ્રયોગ નથી, પરંતુ સમગ્ર માનવજાતના અસ્તિત્વ માટેની અનિવાર્યતા બની ગઈ છે. 'દશનામ સર્ક્યુલર'ના માધ્યમથી, અમે વિશ્વના તમામ રાષ્ટ્રો અને નેતાઓને હૃદયપૂર્વકની અપીલ કરીએ છીએ કે તેઓ યુદ્ધ અને હિંસાના માર્ગને ત્યજીને સંવાદ અને સમજૂતીનો માર્ગ અપનાવે.

યુદ્ધ ક્યારેય કોઈ સમસ્યાનું કાયમી સમાધાન લાવી શકતું નથી. તે માત્ર વિનાશ, આર્થિક સંકટ અને નિર્દોષ માનવજિંદગીઓનો ભોગ લે છે. આપણે સૌએ સમજવાની જરૂર છે કે આ પૃથ્વી આપણું સહિયારું ઘર છે.

આજના યુગમાં, જ્યારે આપણે ટેકનોલોજી અને વિજ્ઞાનમાં અભૂતપૂર્વ પ્રગતિ કરી રહ્યા છીએ, ત્યારે માનવીય મૂલ્યો, કરુણા અને ભાઈચારાની ભાવનાને જાળવી રાખવી એ આપણી સામૂહિક જવાબદારી છે. આવનારી પેઢીને આપણે કેવું વિશ્વ આપવા માંગીએ છીએ - ભય અને વિનાશવાળું કે શાંતિ અને સમૃદ્ધિવાળું?

આવો, આપણે સૌ સાથે મળીને સહિષ્ણુતા અને પરસ્પર સન્માનની ભાવના કેળવીએ. એક એવા વિશ્વનું નિર્માણ કરીએ જ્યાં શસ્ત્રોની જગ્યાએ શાસ્ત્રો અને કલહની જગ્યાએ કલા અને સંસ્કૃતિનો વિકાસ થાય. આંતરરાષ્ટ્રીય શાંતિ માટેનો આપણો આ સંકલ્પ જ વિશ્વને વધુ સુંદર અને રહેવાલાયક બનાવશે.

- લલિતપુરી આર. ગોસ્વામી

... અનુક્રમણિકા ...

દશનામ સરક્યુલર ઈ-મેગેઝિન

About Us

"દશનામ સરક્યુલર" ઈ-મેગેઝિન

દશનામ ગોસ્વામી સમાજને એકસાથે જોડતું, માહિતીસભર અને પ્રેરણાદાયી એક અનોખું ડિજિટલ પ્લેટફોર્મ છે.

અમારો મુખ્ય ઉદ્દેશ્ય સમાચારો, લેખો, વ્યક્તિવિશેષ ઇન્ટરવ્યુ અને પ્રેરણાદાયી વાર્તાઓ દ્વારા સમાજને માહિતગાર કરવાનો છે. અમે આપણા સમૃધ્ધ સાંસ્કૃતિક વારસાનું જતન કરવા, પરંપરાઓનું જ્ઞાન આપવા અને યુવાનોને તેમના ભવિષ્ય માટે પ્રેરણા પૂરી પાડવા કટિબધ્ધ છીએ.

આ ઈ- મેગેઝિન સમાજના સભ્યોને એકબીજા સાથે જોડી રાખવા, તેમના વિચારો અને અનુભવોનું આદાનપ્રદાન કરવા, અને સમાજની પ્રગતિ તથા ઉત્કર્ષ માટેનું એક સક્રિય અને અસરકારક માધ્યમ છે.

VISIT US :

www.dashnamcircular.me

દશનામ સરક્યુલર ઈ-મેગેઝિન

લક્ષ્ય

અમારું લક્ષ્ય **'દશનામ સરક્યુલર'** ઈ-મેગેઝિન દ્વારા દશનામ ગોસ્વામી સમાજને એક મંચ પર લાવવાનું છે.

અમે સમાજના સભ્યોને માહિતી, જ્ઞાન અને પ્રેરણા પૂરી પાડવા કટિબદ્ધ છીએ. આ મેગેઝિન દ્વારા, અમે સમાચારો, લેખો, વ્યક્તિવિશેષ ઇન્ટરવ્યુ અને પ્રેરણાદાયી વાર્તાઓ રજૂ કરીને આપણા સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાનું જતન કરવા અને નવી પેઢીને આપણા મૂલ્યો અને પરંપરાઓથી વાકેફ કરવા માંગીએ છીએ.

યુવાનોને તેમના ભવિષ્ય માટે માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરું પાડવું, સામાજિક એકતાને મજબૂત કરવી અને સામૂહિક પ્રગતિને વેગ આપવો એ જ અમારું મુખ્ય ધ્યેય છે.

અમે સમાજને વધુ સશક્ત અને સુસંગઠિત બનાવવા માટે સતત પ્રયત્નશીલ છીએ.

તંત્રીશ્રી

VISIT US :

www.dashnamcircular.me

ઊર્જાના શબ્દોમાં...



સાધુ શબ્દ માત્ર એક ઉપાધિ નથી, એ આત્મજાગૃતિનો દ્વાર છે...



ચેતના ગોસ્વામી ઉર્ફે ઊર્જા
સુરત

સાધુ શબ્દ સાંભળતાં જ આપણા મનમાં એક એવા વ્યક્તિત્વની છબી ઊભી થાય છે જે ગેરુવસ્ત્રમાં, દાઢી ધરાવતા, માળા જપતા અને દુનિયાથી દૂર રહેતા હોય. પરંતુ હકીકતમાં "સાધુ" શબ્દ માત્ર વસ્ત્ર કે રૂપ સાથે જોડાયેલો નથી. સાધુ એ એક સ્થિતિ છે, એક ચેતના છે, એક આંતરિક જાગૃતિ છે. સાધુ એ એવાં માનવનું નામ છે જે આપણને બહારની દુનિયાના માયાજાળમાંથી થોડા સમય માટે દૂર લઈ જઈ, આપણને આપણા ભીતરના વિશ્વમાં મૂકી દે.

સાધુનો સાચો અર્થ છે - "સાધના કરનાર". જે પોતાનું મન, ઇન્દ્રિયો, વાણી અને વર્તન પર સંયમ સાધે છે, જે પોતાના અંદરના અહંકારને વિસર્જિત કરે છે, જે ક્રોધ, દ્વેષ, લોભ અને મોહને જીતવાનો પ્રયત્ન કરે છે - તે જ સાચા અર્થમાં સાધુ છે.

આ શરીર પાંચ તત્વોથી બનેલું છે - પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ. આપણે રોજબરોજની દોડધામમાં એટલા વ્યસ્ત થઈ જઈએ છીએ કે આ તત્વોની પવિત્રતા ભૂલી જઈએ છીએ. આપણે બહારની ચમકમાં એટલા મગ્ન થઈએ છીએ કે અંદરની શાંતિ ગુમાવી બેસીએ છીએ. સાધુ શબ્દ આપણને યાદ અપાવે છે કે જીવન માત્ર ભૌતિક સુખ માટે નથી; જીવન આત્માની ઓળખ માટે છે.

સાધુ આપણને કહે છે - "બહારની દુનિયામાં મોં ન રાખો, અંદર તરફ નજર કરો." કારણ કે સાચો આનંદ બહારના સાધનોમાં નથી, પરંતુ અંદરના સાધનમાં છે. જ્યારે મન સ્થિર થાય છે, ત્યારે આત્માનો સ્વર સાંભળાય છે.

ગુરુ અને સાધુ બંને શબ્દો જીવનમાં પ્રકાશ પાથરે છે. ગુરુ એટલે જે અંધકાર દૂર કરે. ગુરુ કોઈ પણ બની શકે - માતા, પિતા, શિક્ષક, મિત્ર, કે જીવનમાં મળેલી કોઈ પરિસ્થિતિ પણ. જે કોઈ આપણને સાચી દિશા બતાવે, સત્યનો માર્ગ શીખવે, સંયમ અને પ્રેમનો પાઠ ભણાવે - તે બધા આપણા ગુરુ છે.

પરંતુ સાચા ગુરુની વિશેષતા એ છે કે તેઓ આપણને ગુસ્સો કરવાનું શીખવતા નથી; તેઓ ગુસ્સાને ઓળખવાનું શીખવે છે. તેઓ કહે છે કે ક્રોધ એ અગ્નિ છે - જે પહેલા પોતાને જ દાઝે છે. ગુસ્સો એ અહંકારનો અવાજ છે. જ્યારે આપણે "હું" ને વધારે મહત્વ આપીએ છીએ, ત્યારે ગુસ્સો જન્મે છે.

સાધુ આપણને સમજાવે છે કે જીવન સુખ અને દુઃખની બે બાજુ છે. સુખ આવે ત્યારે ગર્વ ન કરો, દુઃખ આવે ત્યારે તૂટી ન જાવ. બંને પરિસ્થિતિઓમાં સમતા રાખવી એ જ સાચી સાધના છે.

આજના સમયમાં કુટુંબ વિખૂટા પડે છે, સંબંધોમાં તિરાડ પડે છે, કારણ કે આપણે બહારની અપેક્ષાઓમાં ફસાઈ જઈએ છીએ. આપણું મન હંમેશા બીજા શું કરે છે તે જોવામાં વ્યસ્ત રહે છે, પરંતુ આપણે શું કરવું જોઈએ તે ભૂલી જઈએ છીએ. સાધુ શબ્દ આપણને પોતાના કર્તવ્ય તરફ દોરી જાય છે.

સાધુ એ આપણને શીખવે છે -

- **માફ કરવું શીખો**
- **ઓછું બોલવું શીખો**
- **વધુ સાંભળવું શીખો**
- **અપેક્ષા ઓછી રાખો**
- **પ્રેમ નિસ્વાર્થ રાખો**

જ્યારે આપણે અંદરની દુનિયામાં પ્રવેશ કરીએ છીએ, ત્યારે આપણને સમજાય છે કે આ શરીર અસ્થાયી છે. આ જન્મ, આ સંપત્તિ, આ પ્રતિષ્ઠા - બધું સમયસાપેક્ષ છે. જે કાયમી છે તે આત્મા છે, અને આત્માની ઓળખ જ જીવનનો હેતુ છે.

સાધુ શબ્દ એ કોઈ વ્યક્તિ સુધી મર્યાદિત નથી. સાધુ એ દરેક મનુષ્યની અંદર રહેલી શુદ્ધ ચેતના છે. જ્યારે આપણે સત્ય, અહિંસા, દયા અને કરુણાને જીવનમાં ઉતારીએ છીએ, ત્યારે આપણે પણ સાધુતાની દિશામાં આગળ વધીએ છીએ.

ગુરુ આપણને માર્ગ બતાવે છે, પરંતુ ચાલવું તો આપણને જ પડે. ગુરુ માત્ર દીવો છે; પ્રકાશમાં પગલું ભરવું આપણું કાર્ય છે. જો આપણે ગુરુના ઉપદેશને જીવનમાં ઉતારી ન શકીએ, તો માત્ર શબ્દો સાંભળવાથી કંઈ બદલાતું નથી.

ક્રોધ પર વિજય મેળવવો એ સૌથી મોટી સાધના છે. ગુસ્સો ત્યારે આવે છે જ્યારે વસ્તુઓ આપણા મન મુજબ ન થાય. પરંતુ શું દુનિયા હંમેશા આપણા મન મુજબ ચાલે? નહીં. તેથી ગુસ્સાને બદલે સ્વીકાર શીખવો

જોઈએ. સ્વીકાર એ શાંતિનો દરવાજો છે.

સાધુ આપણને શીખવે છે કે જીવન એક યાત્રા છે. આ યાત્રામાં મળતા લોકો, ઘટનાઓ, સુખ-દુઃખ - બધું આપણને કંઈક શીખવવા આવે છે. જો આપણે દરેક પરિસ્થિતિને ગુરુ માની લઈએ, તો જીવન સરળ બની જાય.

આધ્યાત્મિકતા એ દુનિયા છોડવી નથી; દુનિયામાં રહીને પણ અંતરથી અલિપ્ત રહેવું છે. કમળની પાંખડી પાણીમાં રહીને પણ ભીની થતી નથી, તેવી જ રીતે મનુષ્ય દુનિયામાં રહીને પણ માયામાં ન ફસાય - એ જ સાધુતાની ઓળખ છે.

સાચો સાધુ એ છે જે પોતાના અંદરના અહંકારને ત્યાગે છે. જે પોતાને નાનો માને છે, જે દરેકમાં ભગવાનનો અંશ જુએ છે, જે સેવા કરે છે અને પ્રતિફળની આશા રાખતો નથી - તે જ મહાન છે.

આજના યુગમાં બહારની ચમક-ધમક આપણને આકર્ષે છે. સોશિયલ મીડિયા, પ્રતિષ્ઠા, સ્પર્ધા - બધું મનને અસ્થીર બનાવે છે. પરંતુ સાધુ શબ્દ આપણને યાદ અપાવે છે કે સાચી ઓળખ લાઈક અને વખાણમાં નથી; સાચી ઓળખ આત્મસંતોષમાં છે.

જ્યારે આપણે પોતાની અંદર ઉતરીએ છીએ, ત્યારે આપણને સમજાય છે કે ગુસ્સો, દ્વેષ, ઈર્ષ્યા - આ બધું મનની અસ્વસ્થતા છે. જો મનને પ્રેમ, ક્ષમા અને દયા થી ભરી દઈએ, તો જીવન સ્વર્ગ સમાન બની શકે.

સાધુ અને ગુરુનો સંબંધ આત્મા અને પ્રકાશ જેવો છે. આત્મા અંધકારમાં હોય, ત્યારે ગુરુનો પ્રકાશ માર્ગ બતાવે છે. પરંતુ પ્રકાશ જોઈને આંખ બંધ રાખીએ, તો દોષ પ્રકાશનો નથી.

આપણે દરેકે પોતાનામાં રહેલા સાધુને જગાડવાનો પ્રયત્ન કરવો જોઈએ. રોજ થોડો સમય પોતાના માટે કાઢવો, ધ્યાન કરવું, સકારાત્મક વિચાર કરવો, પરિવાર સાથે પ્રેમભરી વાત કરવી - આ બધું જ સાધનાનો ભાગ છે.

જીવનનો સાર એ છે કે આપણે શાંત રહી શકીએ. જો બહારનો તોફાન અંદરના શાંતિને હલાવી ન શકે, તો સમજો કે આપણે સાચી સાધનાની દિશામાં છીએ.

અંતમાં એટલું જ કહું છું - સાધુ શબ્દ માત્ર ઉચ્ચારવાનો નથી, જીવવાનો છે. ગુરુના ઉપદેશ માત્ર સાંભળવાના નથી, જીવનમાં ઉતારવાના છે.

આ શરીર પાંચ તત્વોથી બનેલું છે અને એક દિવસ આ તત્વોમાં વિલીન થઈ જવાનું છે. પરંતુ આત્માની ઊર્જા અવિનાશી છે. જો આપણે જીવનમાં પ્રેમ, ક્ષમા અને સત્યનો માર્ગ અપનાવી લઈએ, તો આ માનવ જન્મ સફળ બની શકે.

સાધુ એ આપણને દુનિયાથી ભાગાડતો નથી; સાધુ આપણને દુનિયાને સાચી રીતે જીવવાનું શીખવે છે.

ચાલો, આપણે સૌ પોતાના અંતરમાં રહેલા સાધુને ઓળખીએ, ગુસ્સાને જીતીએ, પ્રેમને સ્વીકારીએ અને જીવનને એક પવિત્ર યાત્રા બનાવીએ.

ચાણક્ય
સૂત્ર...



ચાણક્ય સૂત્ર :

1. લક્ષ્મીની ચંચળતા:

લક્ષ્મી સ્વભાવે ચંચળ છે, તે લાંબો સમય એક સ્થાને ટકતી નથી. તેથી વેપારીએ હંમેશા ધનનો સદુપયોગ અને રોકાણ કરતા શીખવું જોઈએ.

2. જોખમ લેવાની ક્ષમતા:

જે માણસ સાહસ કરતા ડરે છે, તે ક્યારેય મોટો વેપાર કરી શકતો નથી. સફળતા મેળવવા માટે યોગ્ય સમયે ગણતરીપૂર્વકનું જોખમ લેવું અનિવાર્ય છે.

3. મીઠી વાણી:

વેપારમાં સફળતા માટે વાણી મધુર હોવી જોઈએ. જે વેપારી ગ્રાહકો સાથે નમ્રતા અને પ્રેમથી વાત કરે છે, તેનો વ્યવસાય ઝડપથી પ્રગતિ કરે છે.

4. સ્થળનું મહત્વ:

એવા સ્થળે વેપાર ન કરવો જ્યાં રોજગારીની તક ન હોય, લોકોમાં ધર્મ કે શિસ્ત ન હોય અને કોઈ જાણકાર વિદ્વાન ન હોય.

જે વેપારી આળસુ છે, તેની પાસે ક્યારેય લક્ષ્મી ટકતી નથી. સફળતા માટે સમયનું પાલન અને સતત કાર્યરત રહેવું અત્યંત આવશ્યક છે.

ક્ષમા...



ક્ષમા વીરસ્ય ભૂષણમ્...



વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી, જી. પંચમહાલ

એક શેઠ પોતાના જમાઇને વ્યાપાર માટે ત્રણ લાખ રૂપિયા આપે છે. જમાઇનો વ્યાપાર ઘણો જ સારો ચાલે છે પરંતુ પોતાના સસરા પાસેથી ઉધાર લીધેલ પૈસા તે પરત આપતો નથી. છેવટે સસરા-જમાઇ વચ્ચે ઝઘડો થાય છે. ઝઘડો એટલી હદ સુધી પહોંચી ગયો કે એકબીજાના ઘેર આવવા-જવાનું પણ બંધ થઇ જાય છે. ઘૃણા અને દ્વેષ એટલાં વધી ગયાં કે શેઠજી જ્યાં પણ જાય ત્યાં પોતાના જમાઇની નિંદા-આલોચના કરે છે તેમના વિશે ખરાબ બોલે છે.

શેઠજી સત્સંગી હતા આમ હોવાછતાં તેમની સાધના ઘટવા લાગી. પૂજા-પાઠ, સેવા-સુમિરણ-સત્સંગના સમયે પણ તેમને જમાઇનું જ ચિંતન થાય છે. માનસિક વ્યથાનો પ્રભાવ શરીર ઉપર પડે છે. બેચૈની વધવા લાગી અને કોઇ સમાધાન ન મળતાં છેલ્લે શેઠજી એક સંતની પાસે જઇને પોતાની વ્યથા કહે છે.

સંતે કહ્યું કે બેટા! તૂં ચિંતા ના કરીશ. ઇશ્વર કૃપાથી બધું સારૂં થઇ જશે. તમે કેટલાક ફળ અને મીઠાઇ લઇને કાલે તમારા જમાઇના ઘેર જાઓ અને જમાઇને મળીને એટલું જ કહેવાનું કે બધી ભૂલ મારી હતી એટલે મને માફ કરો. ત્યારે શેઠજી કહે છે કે મેં તમને મદદ કરી અને ક્ષમા પણ મારે જ માંગવાની? ત્યારે સંત જવાબ આપે છે કે દરેક પરીવારમાં જે ઝઘડાઓ થાય છે તેમાં ક્યારેય એક પક્ષનો વાંક હોતો નથી. વત્તા-ઓછા અંશે બંન્ને પક્ષોની ભૂલ હોય છે.

સંતની વાત શેઠની સમજમાં આવતી નથી. શેઠ કહે છે કે મારાથી કોઇ ભૂલ થઇ જ નથી. ત્યારે સંત કહે છે કે બેટા..! તમે મનોમન પોતાના જમાઇને ખરાબ સમજ્યા એ તમારી પહેલી ભૂલ છે. તમે તેમની નિંદા-આલોચના અને તિરસ્કાર કર્યો એ તમારી બીજી ભૂલ છે. પોતાના કાનથી તેમની નિંદા સાંભળી એ તમારી ચોથી ભૂલ છે અને તમારા હ્રદયમાં જમાઇના પ્રત્યે ક્રોધ અને ઘૃણા છે - આ તમારી છેલ્લી ભૂલ છે.

તમારી આ ભૂલોથી તમે જમાઇને દુઃખ આપ્યું છે અને આ તમારા દ્વારા જમાઇને આપવામાં આવેલ દુઃખ અનેક ઘણું થઇને પાછું તમારી પાસે આવ્યું છે માટે જાઓ.. તમારી ભૂલો માટે જમાઇની માફી માંગો, નહીતર તમે ચૈનથી જીવી પણ નહી શકો અને ચૈનથી મરી પણ નહી શકો. ક્ષમા માંગવી એ ઘણી મોટી સાધના છે અને તમે તો ઘણા મોટા સાધક છો. શેઠની આંખ ખુલી જાય છે. સંતને પ્રણામ કરીને તે જમાઇના ઘેર જાય છે. તમામ લોકો ભોજનની તૈયારી કરી રહ્યા હતા તે જ સમયે શેઠજી ત્યાં પહોંચીને દરવાજો ખટખટાવે છે. દિકરીનો દિકરો આવીને દરવાજો ખોલે છે. સામે દાદાજીને આવેલા જોઇને અવાક્ બનીને ખુશીમાં નાચીને જોર જોરથી બૂમો પાડે છે કે મમ્મી.. પપ્પા.. જુઓ કોન આવ્યું છે? દાદાજી આવ્યા છે, દાદાજી આવ્યા છે !

દિકરી-જમાઇ દરવાજાની તરફ જુવે છે અને વિચાર કરે છે કે અમે સ્વપ્નું તો નથી જોતાને? દિકરીને ઘણી જ ખુશી થાય છે કે ઓહ..! પંદર વર્ષ પછી મારા પિતાજી મારા ઘેર આવ્યા છે. પ્રેમના ભાવાવેશમાં તેનું ગળું ભરાઇ જાય છે, તે બોલી શકતી નથી. શેઠજીએ મીઠાઇ તથા ફળફળાદિ ટેબલ ઉપર મુકીને બંન્ને હાથ જોડીને જમાઇને કહે છે કે બેટા..! બધી ભૂલ મારી હતી, મને ક્ષમા કરો.

ક્ષમા શબ્દ સાંભળતાં જ જમાઇના હ્રદયમાંથી પ્રેમ અશ્રુ બનીને વહેવા લાગે છે. જમાઇ સસરાના પગમાં પડી જાય છે અને રડતાં રડતાં પોતાની ભૂલ બદલ ક્ષમાયાચના કરે છે. સસરાના પ્રેમાશ્રુ જમાઇની પીઠ ઉપર અને જમાઇના પશ્ચાતાપ અને પ્રેમમિશ્રિત અશ્રુ સસરાના ચરણોમાં પડવા લાગ્યા. પિતા પોતાની પૂત્રીની અને પૂત્રી પોતાના વૃદ્ધ પિતાની ક્ષમા માંગે છે. ક્ષમા અને પ્રેમનો અથાહ સાગર છલકાઇ રહ્યો છે. તમામ શાંત છે, ચૂપ છે, તમામની આંખોમાં આંસુઓની ધારા વહી રહી છે. જમાઇ ઉભા થાય છે અને તિજોરીમાંથી પૈસા લઇને સસરાની સામે મુકે છે, ત્યારે સસરા કહે છે કે બેટા.. આજે હું આ રૂપિયા લેવા માટે નથી આવ્યો. હું મારી ભૂલ

સુધારવા, મારી સાધનાને સજીવ કરવા તથા દ્વેષનો નાશ કરી પ્રેમની ગંગા વહેવડાવવા આવ્યો છું.

મારૂં અહી આવવું સફળ થયું છે, મારૂં દુઃખ દૂર થયું છે. હવે મને આનંદનો અહેસાસ થઇ રહ્યો છે. ત્યારે જમાઇ કહે છે કે પિતાજી.. જ્યાં સુધી આપ આ પૈસા નહી સ્વીકારો ત્યાં સુધી મારા હ્રદયની આગ શાંત નહી થાય, માટે કૃપા કરીને આ રૂપિયા સ્વીકારી લો.

શેઠજીએ જમાઇ પાસેથી પૈસા લઇને પોતાની ઇચ્છાનુસાર પોતાની દિકરી અને દિકરીના દિકરા-દિકરીઓને વહેંચી દીધા. દિકરીનો તમામ પરીવાર કારમાં બેસીને શેઠને ઘેર આવે છે. પંદર વર્ષ પછી અડધી રાત્રીએ જ્યારે માં-દિકરી, ભાઇ-બહેન, નણંદ-ભાભી તથા તમામ બાળકોનું મિલન થાય છે તો એવું લાગતું હતું કે જાને સાક્ષાત પ્રેમ જ શરીર ધારણ કરીને ત્યાં પહોચ્યો ના હોય!

સમગ્ર પરીવાર પ્રેમના અથાહ સાગરમાં હિલોળા લઇ રહ્યો હતો. ક્ષમા માંગ્યા બાદ શેઠજીનું દુઃખ, ચિંતા, તનાવ, ભય, નિરાશારૂપી માનસિક રોગ મૂળમાંથી મટી જાય છે અને તેમની સાધના સજીવ બને છે. અમારે પણ અમારા દિલમાં ક્ષમાનો ભાવ રાખવો જોઇએ. પોતાની સામે નાનો હોય કે મોટો, અમારી ભૂલ હોય કે ના હોય તેમ છતાં ક્ષમા માંગી લેવાથી તમામ ઝઘડાઓ સમાપ્ત થાય છે.

ક્ષમા બડનકો ચાહિએ છોટનકો ઉત્પાત,
ક્યા ઘટા હરીકા જો ભૃગુને મારી લાત..

"ક્ષમા એ માત્ર શબ્દ નથી, પણ હૃદયનો પરમ શાંતિ માર્ગ છે. અહંકાર ત્યજીને ક્ષમા માંગવાથી જ સંબંધોમાં પ્રેમની ગંગા ફરી વહે છે અને જીવનમાં આનંદ આવે છે."

"ક્ષમા વીરસ્ય ભૂષણમ્! જ્યારે આપણે બીજાને માફ કરીએ છીએ અથવા પોતાની ભૂલ સ્વીકારીએ છીએ, ત્યારે જ મનનો તણાવ દૂર થાય છે અને સંબંધોમાં મીઠાશ પાછી ફરે છે."

આત્મજ્ઞાન...



તમામ જીવોમાં એક જ આત્મા નિવાસ કરે છે.



સુમિત્રાબેન દાદુભાઈ નિરંકારી
છકકડીયા(ધાણીત્રા), જી. પંચમહાલ

ભગવાનને ઓળખવા એ બ્રહ્મવિધા છે. આત્માનું ઉન્નપતિકરણ કરીને ઉપર લઇ જવો એ આત્મજ્ઞાન છે. ફક્ત આત્માને પરમાત્માની સાથે જોડવાથી, સાદગી અપનાવવાથી, તમામ પ્રકારના નશાઓનો ત્યાગ કરવાથી આવાગમનના બંધનમાંથી છુટકારો મેળવી શકાય છે. જીવનમાં સુખ.. શાંતિ.. આનંદ અને પ્રેમ ઇચ્છતા હો તો આ પ્રભુ પરમાત્મા સાથે સબંધ જોડવો પડશે. જેઓ આત્મા પરમાત્માનું જ્ઞાન મેળવી તેની સાથે જોડાઇ ગયા તેમને આ જન્મ-મરણના બંધનથી મુક્તિ મળી જાય છે. જેમ અગ્નિ ઉપર દૂધ કે પાણી રેંડવાથી તે ગરમ થવાના બદલે અગ્નિને જ બુઝાવી દે છે, તેને ગરમ કરવા માટે વાસણને માધ્યમ

બનાવવું પડે છે, તેવી જ રીતે આત્માને પરમાત્માની સાથે જોડવા માટે સંત મહાપુરૂષ-જ્ઞાનીજનોને માધ્યમ બનાવવા પડે છે.

માનવના માટે આત્માનું પરમાત્માની સાથે મિલનનું કામ છે તેને પોતે જ કરવાનું હોય છે. પ્રભુ સર્વવ્યાપી છે તેની અનુભૂતિ કરવા માટે ફક્ત દિવ્યચક્ષુની જરૂરત છે, જેને મેળવવા માટે ગૃહસ્થ ત્યાગ કરવાની આવશ્યકતા નથી કે જંગલો પર્વતો વિરાનોમાં જવાની પણ આવશ્યકતા નથી, ફક્ત પૂર્ણ ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ સદગુરૂના શ્રી ચરણોમાં નતમસ્તક થવાથી તેની પ્રાપ્તિ થઇ જાય છે. પરમાત્માની સાથે જેનો સબંધ જોડાઇ જાય છે તેની આંખો સંસારનું દ્દશ્ય તો જુવે છે પરંતુ વિશ્વાસ એક પ્રભુ પરમાત્મા ઉપર જ રાખે છે. તમામ માનવ એક સમાન છે, તમામ જીવોમાં એક જ આત્મા નિવાસ કરે છે. સંપૂર્ણ સૃષ્ટિ પરમાત્માનું રૂપ છે. આત્મા જ્યારે પોતાનું અલગ અસ્તિવત્વ નથી.. એવું સમજી ઇશ્વરમાં લીન થઇ જાય છે એટલે કે અંશ અંશીમાં સમાઇ જાય છે તો મનુષ્યને સંસારમાં પુનઃજન્મ લેવો પડતો નથી. બ્રહ્મમાં લીન થયા પછી તેનું અલગ વ્યિક્તત્વ રહેતું નથી, તેને જ મોક્ષ કહેવામાં આવે છે.

આત્માને શસ્ત્રો છેદી શકતાં નથી, અગ્નિ બાળી શકતો નથી, પાણી ભિંજવી શકતું નથી અને પવન સુકવી શકતો નથી. (ગીતાઃ૨/૨૩) એનું કારણ એ છે કેઃ આ નિરાકાર પ્રભુ પરમાત્મા એટલો પરિપૂર્ણ છે કે સોઇની અણી જેટલી જગ્યાઅ પણ તેના વિના ખાલી નથી, જયારે તેના વિના કોઇ જગ્યા જ ખાલી નથી તો શસ્ત્ર ચલાવવા માટે જગ્યા જ બચતી નથી તો પછી શસ્ત્ર ચલાવશો કેવી રીતે? કારણ કે શસ્ત્ર ચલાવવા માટે પણ જગ્યા જોઇએ, આવું જ અગ્નિ,હવા, પાણી પર લાગુ પાડી શકાય.

આત્માનું પરમાત્મામાં મળવું એક ભ્રમ છે. આત્મા તો પરમાત્મા સાથે સદૈવ મળેલી જ હોય છે. શરીર રહે કે તૂટે તેનાથી આત્મા ટૂટતી કે મરતી નથી. જેમ બલ્બ તૂટતાં કે ખરાબ થવાથી મૂળ વિજળીની લહેર તૂટતી નથી. વિજળી બલ્બ હોય તો પણ અને ના હોય તો પણ પોતાના કેન્દ્ર સાથે જોડાયેલી હોય છે. જીવના મન બુધ્ધિ ચિત્ત અને અહંકાર.. એટલે કે જીવનું સૂક્ષ્મ શરીર જ જડ શરીરને ધારણ અથવા ત્યાગનાર છે આત્મા નહી.

સર્વવ્યાપી નિરાકાર પ્રભુ જ સત્ય છે. સત્ય એ જ પરમાત્મા છે. માનવના અંતઃકરણમાં આ પ્રભુનો જ નિવાસ છે. આત્મા પરમાત્માનો જ સનાતન અંશ છે. આ મહાનતમ અનુપમ સત્તાની ઝલક સદગુરૂને પ્રસન્ન કર્યા વિના મળતી નથી. જેવી રીતે દિપક વિના અંધકાર દૂર થતો નથી, ગંદાં કપડાં સાબુ વિના સાફ થતાં નથી, અધ્યાપક વિના શિક્ષણ પ્રાપ્ત થઇ શકતું નથી. માર્ગદર્શક વિના ગન્તવ્ય સ્થાન સુધી પહોચી શકાતું નથી.. જેવી રીતે શરીરને સ્વચ્છ બનાવવા માટે સ્નાન કરવું આવશ્યક છે તેવી જ રીતે દિવ્યજ્ઞાનની પ્રાપ્તિના માટે સદગુરૂની શરણમાં જવું પરમ આવશ્યક છે.

કોઇપણ વ્યક્તિના ખાનપાન અને વસ્ત્રો કેવા હોવા જોઇએ તે અધ્યાત્મનો નહી પરંતુ ચિકિત્સાનો વિષય છે.શરીરના ભોગોથી આત્મા નિર્લિપ્ત છે.

એક સંત મહાપુરૂષ રસ્તા ઉપર જઇ રહ્યા હતા. તેમને પાંચ બદમાશોએ પકડીને તેમની પાસેના પૈસા ઝુંટવી લીધા, ત્યારબાદ મારપીટ કરીને ભાગી ગયા. તે જ રસ્તે થઇને એક સજ્જન વ્યક્તિ પસાર થઇ રહ્યા હતા. સંતની આવી હાલત જોઇને તેમને દયા આવી ગઇ. તેઓ સંતને દવાખાને લઇ જઇ દાખલ કરી ઉપચાર કરાવ્યો.

કેટલાક દિવસ પછી સંત મહાપુરૂષ ભાનમાં આવતાં પેલા સજ્જને પૂછ્યું કેઃ "મહારાજ! શું આપને યાદ છે કે આપને મારપીટ કરનાર અને આપને લૂંટી લેનાર કોન હતા..?'' અહીં દવાખાનામાં આપને કોન લાગ્યું હતું..? તેના જવાબમાં સંત મહાપુરૂષ કહે છે કેઃ "મને પુરેપુરૂ ભાન હતું કે તમે જ મને માર મારી લૂંટી લીધો હતો અને તમે જ મને અહી દવાખાનામાં દાખલ કરી ઉપચાર કરાવ્યો હતો. ''પેલા સજ્જને મહાત્માને કહ્યું કેઃ મહારાજ! આપ જરા વિચાર કરીને બોલો! મહાત્માએ કહ્યું કેઃ હું સાચું જ કહું છું કે તમે સાક્ષાત નિર્ગુણ નિરાકાર પરમેશ્વર આ મહાનુભાવના શરીરમાં આવીને મને પૂછી રહ્યા છો! જ્યારે મને સજા આપવી હતી તો પાંચ બદમાશોના આત્માના રૂપમાં આવીને તમે જ મને માર્યો.સજા આપ્યાી પછી તમે જ વિચાર્યું કે આને જાનથી મારી નાખવો નથી એટલે આ સજ્જનના રૂપમાં આવીને મારી તમામ પ્રકારની દેખભાળ કરાવી અને તમે જ મને પૂછી રહ્યા છો! મારી દ્દષ્ટિમાં તો જિધર દેખતા હું તૂં હી તૂં હૈ !!

કહેવાનો ભાવ સંત મહાપુરૂષના હ્રદયમાં સમયના સદ્ગુરૂ દ્વારા આપવામાં આવેલ પ્રેમ નમ્રતા સમદ્દષ્ટિરૂપી જ્ઞાનનો નકશો જેવી રીતે રેખાંકીત કર્યો હોય છે તેના અનુરૂપ જ તેમના જીવનમાં કર્મરૂપમાં રંગ ચઢ્યો હતો. ઇશ્વર સમહ્રદય છે. અમારે પણ અમારા જીવનમાં સમદ્દષ્ટિનો ભાવ ઉત્પન્ન કરીને ભૌતિક તથા આધ્યાત્મિક બંન્ને સ્તર પર ઉન્નતિ કરવાની છે તથા જ્ઞાનના નકશા ઉપર અમલનો રંગ અમારા જીવનમાં ચઢાવવાનો છે.

તમામ જીવોમાં એક જ આત્મા વસે છે
અને સર્વવ્યાપી પરમાત્મા સત્ય છે.
સદગુરૂના માર્ગદર્શનથી આત્મજ્ઞાન પ્રાપ્ત કરીને
પ્રેમ, નમ્રતા અને સમદ્રષ્ટિ અપનાવો.
નશાનો ત્યાગ, સાદગી અને સત્યનો માર્ગ જીવનમાં
સુખ, શાંતિ, આનંદ અને મોક્ષ તરફ લઈ જાય છે.

સ્વાસ્થ્ય
જાળવણી



જીવનનું સાચું ધન...



ડૉ. નંદિની એસ. ગોસાઈ
જામનગર

આજના વ્યસ્ત અને દોડધામ ભરેલા જીવનમાં માણસ પૈસા, પ્રતિષ્ઠા અને સુખસગવડો મેળવવા માટે સતત મહેનત કરે છે, પરંતુ ઘણીવાર તે પોતાની સ્વાસ્થ્યની સંભાળ લેવાનું ભૂલી જાય છે. સાચી વાત તો એ છે કે સ્વસ્થ શરીર અને શાંત મન વિના કોઈપણ સુખનું મૂલ્ય રહેતું નથી. સ્વાસ્થ્ય એ જીવનનું સાચું ધન છે, કારણ કે તંદુરસ્તી હોય તો જ જીવનના દરેક ક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત કરી શકાય છે.

સ્વાસ્થ્યની સંભાળ માટે સૌથી પ્રથમ જરૂરી છે સંતુલિત આહાર. રોજિંદા જીવનમાં તાજી શાકભાજી, ફળો, દાળ-અનાજ, દૂધ અને પૌષ્ટિક

ખોરાકનો સમાવેશ કરવો જોઈએ. વધુ તેલ, મસાલેદાર અને જંક ફૂડથી દૂર રહેવું જોઈએ. પાણી પૂરતું પીવું અને સમયસર ભોજન કરવું પણ તંદુરસ્તી માટે ખૂબ મહત્વપૂર્ણ છે.

બીજી મહત્વપૂર્ણ બાબત છે નિયમિત વ્યાયામ. રોજ સવારે ચાલવું, યોગ, પ્રાણાયામ અથવા હળવો કસરત કરવાથી શરીર તંદુરસ્ત રહે છે અને મન પ્રસન્ન રહે છે. વ્યાયામ માત્ર શરીરને જ નહીં, પરંતુ માનસિક તણાવને પણ દૂર કરવામાં મદદ કરે છે. જે વ્યક્તિ રોજ થોડો સમય પોતાના શરીર માટે કાઢે છે, તે લાંબા સમય સુધી તંદુરસ્ત અને ઉર્જાવાન રહે છે.

સ્વાસ્થ્યની સંભાળમાં માનસિક શાંતિ પણ એટલી જ જરૂરી છે. આજના સમયમાં ચિંતા, તણાવ અને દબાણના કારણે ઘણા લોકો બીમારીઓનો શિકાર બને છે. સકારાત્મક વિચાર, ધ્યાન, પ્રાર્થના અને પરિવાર સાથે સમય વિતાવવાથી મનને શાંતિ મળે છે અને જીવનમાં આનંદ વધે છે. ખુશ મન અને સ્વસ્થ શરીર બંને એકબીજા સાથે જોડાયેલા છે.

સ્વચ્છતા પણ સ્વાસ્થ્ય માટે ખૂબ જરૂરી છે. આસપાસનું પર્યાવરણ સ્વચ્છ રાખવું, હાથ ધોઈને ભોજન કરવું, શુદ્ધ પાણી પીવું અને નિયમિત આરોગ્ય તપાસ કરાવવી એ બધું જ સ્વસ્થ જીવન માટે આવશ્યક છે. નાની-નાની સાવચેતીઓ મોટી બીમારીઓથી બચાવી શકે છે.

અંતે એટલું જ કહી શકાય કે સ્વાસ્થ્યની સંભાળ રાખવી એ દરેક વ્યક્તિની પોતાની જવાબદારી છે. જો આપણે સમયસર યોગ્ય આહાર, વ્યાયામ, માનસિક શાંતિ અને સ્વચ્છતાનું ધ્યાન રાખીએ, તો જીવન ખુશહાલ અને લાંબુ બની શકે છે. "સ્વાસ્થ્ય છે તો જીવન છે" – આ વાતને જીવનમાં ઉતારીને આપણે પોતાનું અને સમાજનું ભવિષ્ય ઉજ્જવળ બનાવી શકીએ છીએ.

"સ્વસ્થ શરીર, શાંત મન અને સકારાત્મક વિચાર –
જીવનની સાચી સંપત્તિ છે.
નિયમિત આહાર, વ્યાયામ અને
સ્વચ્છતા અપનાવો, કારણ કે
સ્વાસ્થ્ય જ સુખી અને સફળ
જીવનની સાચી ચાવી છે."

બોધ
કથા



સાચું ધન...

મંથનપુરી એલ. ગોસ્વામી
સુરત



એક ગામમાં રમેશ નામનો ગરીબ ખેડૂત રહેતો હતો. તે દિવસ-રાત મહેનત કરતો, પણ તેની આવક ઓછી હતી. ગામમાં જ એક ધનિક વેપારી રહેતો હતો, જેને પૈસા તો ઘણાં હતાં પરંતુ મનમાં શાંતિ નહોતી. તે હંમેશા ચિંતા અને તણાવમાં રહેતો.

એક દિવસ વેપારીએ રમેશને પૂછ્યું, "તારી પાસે પૈસા નથી, છતાં તું હંમેશા ખુશ કેમ રહે છે?"

રમેશે સ્મિત કરીને જવાબ આપ્યો, "મારે પાસે મહેનત, સંતોષ અને સ્વસ્થ શરીર છે. હું જે મળે તેમાં ખુશ રહીશ અને ભગવાનનો આભાર માનું છું."

વેપારીને આ વાત ખૂબ સ્પર્શી ગઈ. તેણે સમજ્યું કે સાચું સુખ પૈસામાં નહીં, પરંતુ સંતોષ અને સ્વસ્થ જીવનમાં છે. ત્યારથી તેણે પોતાના જીવનમાં બદલાવ લાવ્યો અને શાંતિથી જીવવા લાગ્યો.

બોધ: સાચું ધન પૈસા નહીં, પરંતુ સંતોષ, સ્વાસ્થ્ય અને શાંતિ છે.

હાસ્ય

કણિકાઓ

દર્શનપુરી ડી. ગોસ્વામી
સુરત



- શિક્ષક: પપ્પુ, "મૌન" નો અર્થ શું થાય?

  પપ્પુ: સાહેબ, જ્યારે મમ્મી ગુસ્સે હોય અને પપ્પા શાંતિથી બેસી રહે, એને મૌન કહેવામાં આવે!

• • •

- બાળક: મમ્મી, હું મોટો થઈને શું બનુ?

  મમ્મી: જે તને ગમે તે બન.

  બાળક: તો હું રજા બનુ, રોજ શાળા બંધ રહેશે!

• • •

- શિક્ષક: 2 અને 2 કેટલા થાય?

  વિદ્યાર્થી: 4

  શિક્ષક: શાબાશ!

  વિદ્યાર્થી: પણ સાહેબ, કેલ્ક્યુલેટર વગર બોલ્યું એટલે માર્ક્સ વધારે આપજો

• • •

- બોસ: તમે ઓફિસમાં મોડા કેમ આવ્યા?

  કર્મચારી: સાહેબ, સપનામાં કામ કરી રહ્યો હતો.

  બોસ: તો પછી?

  કર્મચારી: સપનું લાંબુ હતું એટલે મોડું થઈ ગયું

• • •

- બોસ: તમે કામ કરતા નથી!

  કર્મચારી: સાહેબ, હું સ્માર્ટ વર્ક કરું છું.

  બોસ: એ શું?

  કર્મચારી: કામ બીજા કરે અને હું દેખરેખ રાખું

• • •

- મિત્ર: તું સવારે વહેલો કેમ ઊઠે છે?

  બીજો: એલાર્મ માટે.

  મિત્ર: પછી?

  બીજો: એલાર્મ બંધ કરીને ફરી સૂઈ જાઉં

• • •

- મિત્ર: તું મોબાઇલ વગર રહી શકે?

  બીજો: હા.

  મિત્ર: કેટલા સમય માટે?

  બીજો: જ્યાં સુધી ચાર્જિંગ મળે નહીં

• • •

- બોસ: તમે મોડા કેમ આવ્યા?

  કર્મચારી: સાહેબ, ટ્રાફિક હતો.

  બોસ: રોજ ટ્રાફિક હોય છે.

  કર્મચારી: હા, એટલે રોજ મોડું થાય છે

• • •

હેલ્થ
ટીપ્સ



ડાયાબિટીસ (મધુમેહ):



ડૉ. સાગર આર. ગોસાઈ
જામનગર

ડાયાબિટીસ (મધુમેહ) આજકાલ ખૂબ જ સામાન્ય બની ગયેલો રોગ છે. આ રોગમાં શરીરમાં બ્લડ શુગર (શર્કરા)નું પ્રમાણ વધે છે, જેના કારણે શરીર પર ધીમે ધીમે ખરાબ અસર થાય છે. જો સમયસર ધ્યાન ન રાખવામાં આવે તો હૃદય, આંખો, કિડની અને નસો પર ગંભીર અસર થઈ શકે છે.

ડાયાબિટીસ થવાના મુખ્ય કારણો:

- વધુ મીઠાઈ અને જંક ફૂડનું સેવન
- વ્યાયામનો અભાવ
- વધારે તણાવ અને ચિંતા
- વંશાનુગત કારણ
- વધારે વજન અને અનિયમિત જીવનશૈલી

ડાયાબિટીસના લક્ષણો:

- વારંવાર તરસ લાગવી
- વારંવાર મૂત્ર થવું
- થાક અને નબળાઈ અનુભવવી
- આંખે ધૂંધળું દેખાવું
- વજન ઘટવું અથવા વધવું

બચાવ અને સંભાળ:

- રોજિંદો નિયમિત વ્યાયામ અને ચાલવું
- મીઠાઈ અને તેલિયું ખાવું ઓછું કરવું
- લીલું શાકભાજી અને ફળોનું સેવન કરવું
- સમયસર દવા અને ચેકઅપ કરાવવું
- તણાવથી દૂર રહેવું અને પૂરતી ઊંઘ લેવી

નાનું આરોગ્ય સૂચન:


સવારમાં ખાલી પેટે ગરમ પાણી પીવું, નિયમિત ચાલવું અને સંતુલિત આહાર રાખવો ડાયાબિટીસને નિયંત્રણમાં રાખવામાં મદદરૂપ બને છે.

સાર: સમયસર સાવચેતી અને યોગ્ય જીવનશૈલી અપનાવવાથી ડાયાબિટીસ જેવા રોગથી બચી શકાય છે અને સ્વસ્થ જીવન જીવી શકાય છે.

“મીઠાશ જીવનમાં રાખો, લોહીમાં નહીં;
નિયમિત વ્યાયામ, યોગ્ય આહાર
અને સમયસર તપાસથી
ડાયાબિટીસને દૂર રાખી
સ્વસ્થ અને ખુશહાલ જીવન જીવો.”

ચિત્ર
સંદેશ

ગ્રુપનું **કદ** મહત્વનું નથી, **ટીમવર્ક** મહત્વનું છે.



THE **SIZE** OF THE GROUP DOES NOT MATTER - THE **TEAMWORK** DOES.

ધન્યવાદ

આભાર

ૐ નમો નારાયણ,

અત્યંત આનંદની લાગણી સાથે આ **'દશનામ સરક્યુલર'** ઈ-મેગેઝીનનો **એપ્રિલ-૨૦૨૬**નો **૪૫મો** અંક આપની સમક્ષ રજૂ કરીએ છીએ. આ સાથે આપણું "દશનામ સરક્યુલર" ઈ-મેગેઝીન સફળતાપૂર્વક આગળ વધી રહ્યું છે. અમારા આ સેવાયજ્ઞમાં આપના સહકાર બદલ આપ સર્વે જ્ઞાતિબંધુઓ, વાચક મિત્રો, લેખક બંધુઓ સર્વેનો દિલથી આભાર વ્યકત કરૂં છું...

મને આશા છે કે આ અંક પણ આપને જરૂર ગમશે અને ઉપયોગી થશે. અગર આપ એવું ઈચ્છતા હો કે આ અંક આપણા સમાજના દરેક પરિવાર, સભ્ય સુધી પહોંચે, તો આપ આપના સગા-સ્નેહીજનો-મિત્રોના ગ્રુપમાં પણ જરૂર શેર કરજો.

'દશનામ સરક્યુલર' ઈ-મેગેઝીનમાં સંકલિત કરેલી કેટલીક ઉપયોગી માહિતી સોશિયલ મિડીયાના માધ્યમથી આપણા સમાજની દરેક વ્યકિત, પરિવાર સુધી પહોંચે અને ઉપયોગી થાય એવો અમારો આ નમ્ર પ્રયાસ છે. આ ઈ-મેગેઝિનનો અંક દર અંગ્રેજી મહિનાના પ્રથમ સપ્તાહમાં પ્રસિદ્ધ થાય છે.

'દશનામ સરક્યુલર' ઈ-મેગેઝીનને હજુ પણ શ્રેષ્ઠતમ બનાવવા આપના સૂચનો આવકાર્ય છે.

આ અંક માટે આપનો અભિપ્રાય અમને **વેબસાઈટ, વોટ્સએપ, ટેલિગ્રામ** અથવા **ઈ-મેલ** પર જરૂર મોકલશો, આપનો અભિપ્રાય અમારો ઉત્સાહ વધારશે.

'દશનામ સરક્યુલર' ઈ-મેગેઝીનના આગળના દરેક અંક આપ અમારી **વેબસાઈટ, ફેસબુક, ટેલિગ્રામ ચેનલ, વોટ્સએપ ગ્રુપ, ગુગલ ડ્રાઈવ** તેમજ **ઈન્ટરનેટ આરકાઈવ** પરથી દરેક અંક વિનામુલ્યે પ્રાપ્ત કરી શકો છો. જેની લિંક આ અંકમાં આપેલી છે.

'દશનામ સરક્યુલર' ઈ-મેગેઝીનના અંકો સમાજના લાખો લોકો સુધી પહોંચે છે. દરેકના અભિપ્રાય, સૂચનો પણ મળે છે. આપનો ખૂબ ખૂબ ધન્યવાદ.

આપના આશીર્વાદ અને સાથ સહકાર મળતા રહે એવી અપેક્ષા સહ...

ૐ નમો નારાયણ...

- તંત્રીશ્રી લલિતપુરી આર. ગોસ્વામી

VISIT US :
www.dashnamcircular.me

દશનામ સરક્યુલર ઈ-મેગેઝિન

માસિક
ગુજરાતી ઈ-મેગેઝિન

દર મહિને અંક પ્રાપ્ત કરવા માટે

www.dashnamcircular.me VISIT

વોટ્સએપ ગ્રુપ JOIN

ટેલિગ્રામ ચેનલ JOIN

ગુગલ ડ્રાઈવ CLICK

INTERNET Archive
ગુજરાતી **ઓડિયો** સાથે. CLICK

દશનામ સરક્યુલર
ઈ-મેગેઝિન

દ્વારા

પ્રકાશિત થયેલા **વિશેષાંકો**ની ઝલક...



www.dashnamcircular.me VISIT

શત્ શત્ નમન

અમારામાં સંસ્કારો અને આવડતોનું સિંચન કરનાર
અમારાં માતા-પિતાને...

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।
मा कर्मफलहेतुर्भूर्मा ते संगोऽस्त्वकर्मणि ।।

પૂ. પિતાશ્રી રામપુરી નારણપુરી ગોસ્વામી • પૂ. માતુશ્રી જમનાબેન રામપુરી ગોસ્વામી



પૂજ્ય શ્રી રામપુરી બાપુનો સમસ્ત પરિવાર
રબારીકા - જામજોધપુર / સુરત.